સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

દાણચોરોને નાસવાની પોલીસ તક આપે છે,
બૂટલેઘરોને ભાગવાની પણ તક આપે છે,
તક આપે છે ગૂમ થઇ જવાની ગુન્હેગારોને -
તેમ અદૃશ્ય થવાની કાળાં નાણાંને તક આપી છે.
(સરકારની અમી દૃષ્ટિ)

હાઈકુ

કૃષિ મેળામાં,
સરકાર ખૂદ જ -
થૈ ગઇ કૃશ..
(ખેડૂતોની 'ચિંતા')

ગુજરાતના
થશે સાફ રસ્તા ને-
તિજોરી પણ..
(સ્વચ્છતાનું વાઇબ્રંટ અભિયાન)

ચિંતન

હતં જ્ઞાનં ક્રિયાહીનં હતાશ્ચ જ્ઞાનિનો નરાઃ ।
હતં ચાનાયકં સૈન્યમ ભર્તારો હતાઃ સ્ત્રિયઃ ।

જે જ્ઞાન આચરણ-વ્યવહાર-અમલીકરણમાં પરિવર્તિત થતું નથી તેનું હોવું - ન હોવું સરખું છે અર્થાત જ્ઞાન-'મૃત' જ કહેવાય છે.

જે અબૂધ-અજ્ઞાન-નિરક્ષર ભલે શ્વાસ લેતો હોય પણ એના જીવનનું કોઇ ધ્યેય-હેતુ ન હોવાથી અંધકારમાં જ ભટકે છે આવી વ્યક્તિ પણ જીવતે 'મૃત' જ કહેવાય.

જે સેના, પ્રજા, લોકો, દેશને સાચું સારું નેતૃત્વ મળ્યું નથી, સારો સેનાપતી નથી એ સેના ભલે સંખ્યામાં મોટી હોય પણ તે વેર-વિખેર થઇ નાશ પામી જાય છે અર્થાત અર્થાત સેનાપતિ-નેતૃત્વ વિનાની સેના પણ 'મૃત' જ કહેવાય.

જે સ્ત્રીનો પતિ નથી. એનું જીવન નિરસ, છત્રછાયા વિનાની સદાય ભયમાં અને કષ્ટ-આરોપો અને કલંકોની કાલિમા સાથે જ જીવવું પડે છે. ગમે તેટલી શુદ્ધ-હિંમતવાન અને સદાય પ્રસન્નચિત્ત રહેતી હોય છતાં મનથી તો જાતે પણ પોતાને 'મૃત' જ માને છે.

સુવિચાર

- પવિત્ર શક્તિઓની ઉપાસના કરતા કરતાં એ પવિત્ર ગુણોને જીવનમાં કેવી રીતે આત્મસાત કરવા તેનો માર્ગ દર્શાવે તે ગુરુ - નવનિત
- દશા સુધારવી હોય તો સાચી દિશા પસંદ કરવી પડે અને એ સાચી દિશા ગુરુ બતાવી શકે - ઝેન કથન
- કર્મ કરતાં કરતાં સંસારમાં સો વર્ષ જીવવાની ઇચ્છા કરો, ભરપૂર જીવો, એ વાત જુદી છે કે એ જ ત્યાગી શકે છે જેની પાસે હોય છે - અખંડ આનંદ
- દરેક જણે દિવસ દરમિયાન થોડુંક નિખાલસ પણે હસવું જ જોઇએ.. જીવન કંઇ એટલું જટિલ નથી.. સુર્યોદય થાય છે સૂર્યાસ્ત થાય છે.. આપણે જ બધું શું કામ જટિલ બનાવીએ છીએ - એસ. ભટ્ટાચાર્ય
- એક વ્યક્તિ કામ આવ્યો અવસરે.. જે હતો સામેલ આમંત્રણ વગર - ચિન્મય શાસ્ત્રી
- જરૂરત ભર કા તો ખુદા સબ કો દેતા હૈ.. પરેશાન હૈ લોગ ઇસ વાસ્તે કી, 'બેપનાહ' મીલે... - એસ.એમ.એસ.
- ચૂપ રહો, કાં તો એવી વાત કહો જે ચૂપકીદી કરતા પણ શ્રેષ્ઠ હોય - પાઇથાગોરસ

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

ઘણીવાર સાધુ-ફકીરો ઇશ્વરની આરાધના કરતાં આડે માર્ગે ચડી જાય, પ્રભુ કસોટી કરવા ભક્તને નાની મોટી સિદ્ધિના ટૂકડા નાખી ચકાસે છે, આમ આસનસિદ્ધિ, શબ્દસિદ્ધિ, કર્ણ પિશાચીની જેવી વિદ્યાથી ભગત આશારામ જેમ ભગવાનનો દંભ કરી શકે છે. ભક્તિનું લક્ષ્ય સિદ્ધ નહીં મુક્તિ હોવું જોઇએ.

સ્વામી રામતીર્થ ચાલતા ઋષિકેશ તરફ જતા હતા ત્યાં વિશાળ જટાધારી મહાત્મા મળ્યા. 'નારાયણ-નારાયણ'ની આપ-લે થઇ. રામતીર્થ સાથે પ્રદેશ-સાધના-ઇષ્ટની વાતો ચાલી. રામતીર્થ મહાત્માને પૂછ્યું આધ્યાત્મ માર્ગે આપને કેટલાં વર્ષ થયાં? એમાં આપને કોઇ વિશિષ્ટ સિદ્ધિ કે સાધનાનાં કોઇ અનુભવ થયો?

મહાત્મા કહે - જરૂર - હું સામે કાંઠે રહું છું અને દરરોજ દેવી દર્શન માટે પાણી પર ચાલીને જ આવું છું. ગંગામાં ગમે તેટલું પૂર હોય મને કોઇ જ મુશ્કેલી નડી નથી. મને સાધના કરતાં કરતાં ચાલીશ વર્ષ થયાં પછી આ સિદ્ધિ મળી!

રામતીર્થ કહે - મહારાજ! માત્ર આટલી સિદ્ધિ પ્રાપ્ત આપે મહામૂલાં ચાલીસ વર્ષ વેડફી નાખ્યાં? ગંગાપાર તો માત્ર ચાર આનામાં કોઇ પણ નાવિક લઇ જાય છે! તમે મોતી મેળવવા ડૂબકી મારી પણ પથરા લઇને ઉપર આવ્યા!

મોક્ષ પ્રાપ્તિનું જ ધ્યેય હોવું જોઇએ. સિદ્ધિઓ પ્રાપ્ત કરવાનું નહીં.

Email - sureshchandrabhatt18@gmail.com

પોતાને ગમતી જિંદગી માટે જોખમ ઉઠાવવાની તૈયારી હોવી જોઈએ

વિચારયાત્રા
- ડો. જય ઓઝા

ભારતીય વિદ્યાભવનમાં પડદો ખૂલે છે અને સ્ટેજ પર દોડતી લોકલ ટ્રેનના એક ડબ્બાના સેટમાં એક નાટકની ભજવણી શરૂ થાય છે. જયેશ મોરે અને જિજ્ઞા વ્યાસ અદ્‌ભૂત અભિનયથી પ્રેક્ષકો પર જાણે સંમોહન કરે છે. પ્રેક્ષકો હસે છે, રડે છે, હસતાં હસતાં તેમની આંખો ભરાઈ આવે છે અને રડતાં રડતાં અચાનક તેમના હોઠ મલકાઈ પડે છે. નાટક પૂરું થાય છે અને કલાકારો તથા પ્રોડ્યુસર્સ ઉમેશ શુક્લની ઓળખાણ અપાય છે અને જે ક્ષણે આ નાટકના આલેખક-દિગ્દર્શક પ્રેક્ષકો સામે હાજર થાય છે ત્યારે સતત એક મિનિટ સુધી તાળીઓનો ગડગડાટ થતો રહે છે.

યસ, આપણે અદ્ભુત નાટ્યલેખક-દિગ્દર્શક, અભિનેતા સૌમ્ય જોશીની વાત કરી રહ્યા છીએ. સૌમ્ય જોશીએ આજ જાને કી ઝીદ ના કરો નાટક દ્વારા રંગભૂમિ પર વધુ એક ઉપકાર કર્યો છે એવું કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નહી ગણાય. સૌમ્ય જોશીનાં નાટકો વિશે તો ઘણું લખાયું છે પણ આ અલગારી પ્રકૃતિના માણસ વિશે ઘણી વાતો જાણવા જેવી છે.

૧૯૭૩માં અમદાવાદના, અંગ્રેજીના, પ્રોફેસર એવા મહારાષ્ટ્રિયન પિતા જયંત જોશી અને ફિલોસોફીના પ્રોફેસર એવાં ગુજરાતી માતા નીલા જોશીને ત્યાં જન્મેલા સૌમ્ય જોશીને એકથી દસ ધોરણ સુધી ભણતર સાથે બાપે માર્યા વેર જેવો સંબંધ હતો. સૌમ્યને એકથી નવ ધોરણ સુધી તો ચડાવ પાસ ના લેબલ સાથે એટલે કે રહેમરાહે પાસ કરીને આગળના ધોરણમાં મોકલાતા હતા. સૌમ્ય હંમેશાં બે વિષયમાં નાપાસ થાય. એમાં એક વિષય તો ગણિત હોય જ, બીજો વિષય દર વર્ષે બદલાતો રહે. સૌમ્ય કહે છે કે, 'મેં સ્કૂલની જિંદગી દરમિયાન ક્યારેય શિક્ષકોએ આપેલું હોમવર્ક નથી કર્યું. શિક્ષક પૂછે કે, 'હોમવર્ક કેમ નથી કર્યું? તો રીઢા ગુનેગારની જેમ ભા રહેવાનું અને જવાબ નહી આપવાનો!

સૌમ્યની આવી ખ્યાતિ તેમનાં પ્રોફેસર માતાપિતા સુધી પણ પહોંચી ગઈ હતી. 'તમે આટલા વિદ્વાન પ્રોફેસર્સ અને તમારો દીકરો આવું કરે એ કેમ ચાલે? એવા સવાલો પણ સૌમ્યનાં માતાપિતાને થતા. એ રીતે તેમના પર માનસિક દબાણ આવતું, પણ સૌમ્યનાં માતાપિતાએ ક્યારેય સૌમ્ય પર એ દબાણનો ઓછાયો આવવા ન દીધો કે ન તો ક્યારેય તેમણે સૌમ્યને ભણેશ્રી બનાવવાની કોશિશ કરી. સૌમ્યના મોટા ભાઈ એટલે કે થ્રી ઈડિયટ્સ ફિલ્મ ફેમ લેખક અભિજાત જોશી ભણવામાં બહુ હોશિયાર હતા, પણ સૌમ્યનાં માતાપિતાએ ક્યારેય સૌમ્યની સરખામણી અભિજાત સાથે ન કરી કે ન તો ક્યારેય તેનું એવું કહ્યું કે જો આ અભિજાત કેટલું સરસ ભણે છે અને તું રખડી ખાય છે.

નાની ઉંમરમાં સૌમ્યને ભણવા સિવાય તમામ પ્રવૃત્તિઓમાં રસ પડતો. તેને ક્રિકેટ રમવાનું કે લખોટી અને ભમરડાથી રમવાનું બહુ ગમતું. પોતે ઉચ્ચ મધ્યમ વર્ગનું સંતાન હોવા છતાં તેમણે ઝૂંપડપટ્ટીમાં રહેતા ઘણા છોકરાઓને મિત્રો બનાવ્યા હતા. સૌમ્યની શાળામાં મુકેશ નામનો એક છોકરો બકરી લઈને શાળાએ આવતો હતો. શાળામાં બીજા બધા છોકરાઓ તેની ટીખળ ઉડાવતા, પણ સૌમ્યને તેની સાથે ગાઢ દોસ્તી બંધાઈ ગઈ હતી. તે છોકરો અત્યંત ગરીબ કુટુંબમાંથી આવતો હતો અને તેનાં માતાપિતા કામ પર જતાં ત્યારે ઘરે બકરીને સાચવનારું કોઈ ન હોય એટલે તે છોકરાએ બકરીને લઈને શાળાએ આવવું પડતું હતું. સૌમ્ય જોશી આવા મિત્રો સાથે તેમની ઝૂંપડપટ્ટીમાં રમવા પણ પડી જતા, પણ તેમની આવી અલગારી પ્રવૃત્તિ માટે તેમનાં માતાપિતાએ ક્યારેય ઠપકો નહોતો આપ્યો. સૌમ્યની શેરીના કૂતરાઓ સાથે પણ જબરી દોસ્તી રહેતી.

આવી ભણવા સિવાયની બીજી બધી પ્રવૃત્તિઓનું સૌમ્યની પરીક્ષાના પરિણામ પર અસર કરતી. સૌમ્યને પરિણામ શું આવશે એની ક્યારેય ચિંતા ન રહેતી. અને એવો ડર પણ ન રહેતો કે પરિણામ જોઈને પોતાનાં માતાપિતા એવી પ્રતિક્રિયા આપશે કે મેરામણે માઝા મૂકી દીધી હોય, સૂરજ પશ્ચિમમાં ગ્યો હોય, ધરતી રસાતાળ ગઈ હોય કે આભ ફાટી પડ્યું હોય. સૌમ્ય જોશી પાંચમા ધોરણમાં અંગ્રેજી વિષયમાં નાપાસ થયા ત્યારે અંગ્રેજીના પ્રોફેસર એવા પિતાએ સૌમ્યને ઘરે અંગ્રેજી ભણાવવાનું શરૂ કર્યું, પણ એય કોઈ જાતના દબાણ વિના. જોકે એનું ખાસ કંઈ પરિણામ આવ્યું નહોતું.

સૌમ્ય કહે છે કે, 'મારાં માતાપિતાએ મારી જિંદગીનાં પહેલાં ચૌદ-પંદર વર્ષ સુધી મને આ બધા અનુભવો લેવા દીધા એ તેમનું મારા જીવનમાં બહુ મોટું પ્રદાન છે. મેં પંદર વર્ષની ઉંમર સુધી એકપણ પુસ્તક વાંચ્યું નહોતું અને સામે મારા મોટા ભાઈ અભિજાતનું વાચન અસામાન્ય કહી શકાય એટલું હતું. મારા નાના એટલે કે ખ્યાતનામ શિક્ષણશાસ્ત્રી યશવંત શુક્લ મને વાર્તાઓ કહેતા અને વાચન તરફ વાળવાની કોશિશ કરતા. તેમની વિશાળ લાઈબ્રેરી હતી. મને પ્રાણીઓ - પક્ષીઓ પ્રત્યે બહુ પ્રેમ હતો એટલે તેઓ જાતે લાકડાના ઘોડા ઉપર ચડીને મને પ્રાણી-પક્ષીઓનાં પુસ્તકો ઉતારી આપે. તેઓ મને ગીરનાં પક્ષીઓ અને એવાં બીજાં પુસ્તકો આપે, પણ હું પક્ષીઓનાં ચિત્રો જોઈને એ પુસ્તકો બાજુમાં મૂકી દેતો હતો. મારા નાના યશવંત શુક્લની સાથે બેસતા વર્ષના દિવસે હું દિગ્ગજ કવિ ઉમાશંકર જોશી અને બીજા સાહિત્યકારોના ઘરે જતો કે નાનાનો કાર્યક્રમ આકાશવાણી પર પ્રસારિત થવાનો હોય તો તેઓ મને રેડિયો સ્ટેશનમાં પણ લઈ જતા. મારાં માતા નીલા જોશી અને પિતા જયંત જોશીને વિખ્યાત ગુજરાતી કવિઓ રમેશ પારેખ અને અનિલ જોશીની સાથે ઓળખાણ એટલે તેમની અવરજવર અમારા ઘરે રહેતી તો મરાઠીના વિખ્યાત કવિઓ વિંદા કરંદીકર અને મંગેશ પાડગાંવકર તથા અન્ય સાહિત્યકારો સાથે પણ મારા પિતાને બહુ સારો પરિચય હતો. મારા પિતાના નાનાનું ઘર મુંબઈમાં હતું એના કારણે મારો મરાઠી રંગભૂમિ સાથે પરિચય થયો. મેં વસંત કાનેટકરનાં નાટકો સહિત ઘણાં મરાઠી નાટકો જોવા માંડ્યાં. બીજી બાજુ હું અમદાવાદના ઉસ્માનપુરાની વિદ્યાનગર હાઈ સ્કૂલમાં ભણતો હતો ત્યાં નાટકનું વાતાવરણ ભરપૂર હતું. આ દરમિયાન મારા ભાઈ અભિજાતે સત્તર વર્ષની ઉંમરે નાટક લખવાનું શરૂ કરી દીધું હતું.

સૌમ્ય જોશીને ચૌદ-પંદર વર્ષની ઉંમરે એક બાજુ નાટકો પ્રત્યે આકર્ષણ જાગ્યું અને બીજી બાજુ અભ્યાસ પ્રત્યે પણ તેઓ ગંભીર થયા. સૌમ્ય કહે છે કે, 'હું એસ.એસ.સી.માં પહોંચ્યો એ પછી અંદરથી એલર્ટ થયો અને એસ.એસ.સી.માં હું બધાની ધારણા વિરુદ્ધ પાસ પણ થઈ ગયો. બારમા ધોરણમાં તો મને બહુ બધા ટકા આવ્યા. હું ૬૩ ટકા માર્ક સાથે પાસ થઈ ગયો! મેં કોલેજમાં પ્રવેશ મેળવ્યો ત્યારે વિચાર્યું કે હવે હું એકદમ ગંભીરતાથી ભણીશ. જોકે હું પંદર વર્ષની ઉંમર સુધી જે રીતે જીવ્યો એ માટે મને ક્યારેય અફસોસ નથી થયો. કૉલેજમાં આર્ટ્સ પ્રવાહમાં અંગ્રેજી સાથે પ્રવેશ લીધા પછી મેં એક બાજુ ગંભીરતાથી ભણવાનું શરૂ કર્યું અને બીજી બાજુ એ ઉંમરથી એટલે કે સત્તર-અઢાર વર્ષની ઉંમરથી મને નાટકની પણ લત લાગી અને એ દરમિયાન વાચનનો શોખ પણ જાગી ગયો હતો. કૉલેજના પહેલા જ વર્ષમાં મેં ઈન્ટર કૉલેજ સ્પર્ધા માટે નાટક લખ્યું: 'રમી લોને યાર! અને ત્યારથી નાટ્યકર્મી તરીકેની મારી સફર શરૂ થઈ.

સૌમ્ય જોશીએ પહેલા નાટકથી જ પોતાની પ્રતિભાની ઝલક આપી દીધી. તો બીજી બાજુ કૉલેજના બીજા વર્ષમાં વિદ્યાર્થી તરીકે પણ યુનિવર્સિટીમાં પહેલા નંબરે આવીને ગોલ્ડ મેડલ મેળવ્યો. નાટ્યપ્રવૃત્તિ અને અભ્યાસમાં ઓતપ્રોત રહેવા માંડેલા સૌમ્યએ ૫૮ ટકા માર્ક સાથે એમ.એ.ની ડિગ્રી મેળવી. એ વખતે અમદાવાદમાં એમ.એ.ની પરીક્ષામાં ૫૫ ટકાથી વધુ માર્ક મેળવનારા માત્ર ચાર વિદ્યાર્થીઓ હતા અને એમાં બીજા નંબરે સૌમ્ય જોશી હતા. એ વખતે અમદાવાદની કોલેજોમાં અંગ્રેજી સાહિત્યના પ્રોફેસર માટે સાત જગ્યા ખાલી પડી હતી અને સૌમ્ય જોશી સહિત ચાર વિદ્યાર્થીઓ ૫૫ ટકાથી વધુ માર્ક લાવ્યા હતા. સ્વાભાવિક રીતે સૌમ્યને પ્રોફેસર તરીકે નોકરી મળી ગઈ. ૨૨ વર્ષની ઉંમરે તેમને એચ. કે. આર્ટ્સ કૉલેજમાં અંગ્રેજી લિટરેચરના પ્રોફેસર તરીકે નોકરી મળી ગઈ, પણ સૌમ્યના નાના યશવંત શુક્લ અત્યંત આદર્શવાદી હતા. તેઓ એ કૉલેજના ટ્રસ્ટી હતા. તેમણે કહ્યું કે, હું આ કૉલેજનો ટ્રસ્ટી છું એટલે તારે આ કૉલેજમાં પ્રોફેસર તરીકે નોકરી ન સ્વીકારવી જોઈએ. જોકે એ વખતે સૌમ્યના નાનાના નાના ભાઈ અને સ્વાતંત્ર્યસેનાની રહી ચૂકેલા વિનોદ શુક્લ સૌમ્યની વહારે આવ્યા. તેમણે યશવંતભાઈને કહ્યું કે, સૌમ્ય યુનિવર્સિટીમાં બીજા નંબરે આવ્યો છે અને તેને મેરિટ પર નોકરી મળી છે. એટલે તે નોકરી સ્વીકારશે તમને વાંધો હોય તો તમે ટ્રસ્ટી તરીકે રાજીનામું આપી દો! (બાય ધ વે, વૃદ્ધાવસ્થામાં યુવાન હોય એવું પાત્ર સૌમ્યના નાટક ૧૦૨ નોટ આઉટ માં દર્શાવાયા છે એ પાત્રો સૌમ્યએ તેમના નાનાના નાના ભાઈ વિનોદ શુક્લ પરથી સર્જ્યાં છે. ૮૦ વર્ષની ઉંમરે કમ્પ્યુટર શીખનારા વિનોદ શુક્લનો સૌમ્ય પર બહુ પ્રભાવ રહ્યો છે.)

સૌમ્યએ ૧૨ વર્ષ સુધી પ્રોફેસર તરીકે નોકરી કરી અને અમદાવાદના વિદ્યાર્થીઓમાં સૌમ્ય સર તરીકે બહુ લોકપ્રિયતા મેળવી. એ દરમિયાન સૌમ્યને નોકરીથી કંટાળો આવવા માંડ્યો. તેમને મનમાં થતું હતું કે, 'બહુ થયું હવે આ નોકરી છોડી દેવી જોઈએ. તેમને આર્થિક સલામતીભરી જિંદગીની આદત નહોતી પાડવી. પ્રોફેસર તરીકે નોકરી કરતા કરતા ક્રિયેટિવ જોખમો લેવાનું મુશ્કેલ લાગતું હતું એટલે તેમણે એક વાર પોતાના પિતા સાથે વાત કરી કે, 'હું નોકરી છોડવાનું વિચારી રહ્યો છું. તેમના પિતાએ કહ્યું કે, 'તું નોકરી છોડી દઈશ તો એ નહી લખી શકે, જે તું લખવા ઈચ્છે છે. બીજા લખાવશે એ તારે લખવું પડશે.

આ દરમિયાન સૌમ્ય જોશી દોસ્ત, ચોક્કસ અહી નગર વસતું હતું સહિતનાં અનેક સમાંતર નાટકો કરી ચૂક્યા હતા. એમનું આઠમા તારાનું આકાશ નાટક પૃથ્વી ફેસ્ટિવલમાં પસંદ થયું હતું. ગુજરાતનું કોઈ નાટક પૃથ્વી ફેસ્ટિવલમાં પસંદ થયું હોય એવી એ પહેલી ઘટના હતી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

હેરિટેજ લવર્સ, નિજાનંદી, પ્રકૃતિચાહક ખરા ચિત્રકાર ચૂડા ઠાકોર પૂરણચંદ્રસિંહ

મોંઘેરા મોતી
- નટવર આહલપરા

ચૂડા કપાસી હાઇસ્કૂલના નિવૃત્ત ચિત્ર શિક્ષક ડી.વી. તલસાણીયા મારા સાળા તો ખરા પણ ચિત્ર અને શિક્ષણની યાત્રામાં અવારનવાર જોડાયેલા રહ્યા છે. તેમના દ્વારા મને એક મજાના મિત્ર મળ્યાં. એમનું શુભનામ છે ચૂડા ઠાકોર પુરણચંદ્રસિંહજી. ઓછું બોલવું, ખુલ્લા મને હસવું અને જેમને હેરિટેજ, નિજાનંદ અને પ્રકૃતિ પ્રેમ અનહદ પસંદ છે.

એમની પીડાને પ્રતિષ્ઠિત તસ્વીરકાર ઝવેરીલાલ મહેતાએ ગુજરાત સમાચારમાં ચૂડા 'માધોવિલાસ'ની તસ્વીર કથા પહેલા પાને પ્રગટ કરી ગતી તે સંવેદનાને પ્રસ્તુત છે.

રાજાઓ ગયા... અને એમના સાલિયાણા પણ ગયા... સાથે સાથે એમના મકાનો... બંગલાઓ પણ સરકારને સોંપી દીધા... આઝાદી મળ્યા પછી સાફાવાળા અને મુછાળા રાજાઓ અદૃશ્ય થઇને નવા રજવાડા અને ભાયાઓ પાલમિન્ટમાં ચૂંટાઇને નવા યુગના મહારાજાઓ બનીને સુખ સાહ્યબી ભોગવી રહ્યાં છે... આપણે હમણાં જ અખબારોમાં વાંચ્યુ કે ટુરીઝમ મિનિસ્ટર રેણુકા ચૌધરી દિલ્હીની તાજ હોટેલમાં બે વિશાળ 'સૂટમાં' આરામથી રહે છે અગાઉના મહારાજાઓની મિલ્કતો સરકારને સોંપી દીધા બાદ કેવી ભૂંડી હાલત થતી હોય છે! દા.ત. મોરબીનો કલાત્મક મણીમહેલ... કે જયાં આજે સરકારી કચેલીઓ છે. જામનગર, ભાવનગર, ધ્રાંગધ્રા, લીંબડી, રાજકોટ એવા કેટલાય ભૂતપૂર્વ રાજાઓની અદ્‌ભૂત ઇમારતો ધર્મશાળા જેવી બની ગઇ છે. ચુડાના ભૂતપૂર્વ રાજવીઓ દોઢસો વર્ષ પહેલાં 'માધોવિલાસ' નામનો આ મહેલ ચુડામાં બંધાવેલો તે આઝાદી બાદ પંચાયત રાજય આવતાં ચુડામાં પંચાયતની કચેરીને આપી દીધો હતો. આખી દુનિયામાં 'હેરિટેજ'ની જાળવણી કરોડો ડોલર ખર્ચીને જૂની આવી વિરાસત સાચવી રાખતા હોય છે એને બદલે આ 'માધોવિલાસ'ને કબાડી માર્કેટ અને ભંગારના વેપારીઓને પંચાયત કચેરીએ વેચી નાખતાં આ બિલ્ડીંગના ૧૫૦ વર્ષ જૂના સાગના લાંબા બીમ તોડીને કાઢવા મંડતા મંગળવારે પંચાયત કચેરીના આ કૃત્યના વિરોધમાં આખી બજાર બંધ કરી હતી. આ મકાન તોડતું અટકાવવા આ ઇમારતના વારસદાર અને કલાકાર ચુડા ઠાકોર પૂરણચંદ્રસિંહે સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર પાસેથી 'સ્ટે ઓર્ડર' લીધો હોવા છતાં 'માધો વિલાસ' ને તોડવાનું કામ ચાલુ જ છે. જાણે વાઘનો શિકાર કરીને એનું મટન, ચામડુ, નખ વગેરે ઝટ ઝટ કાઢીને શિકારીઓ વેચવા ભેગું કરે એવી આ 'હેરિટેજ'ની કરૂણ સ્થિતિ થઇ ગઇ છે... આવી ઐતિહાસિક વિરાસત સરકારની મંજૂરી વગર તોડી શકાતી નથી... પરંતુ ચુડામાં તો 'હેરિટેજ' ની 'ઐસીતૈસી' થઇ રહી છે... ચુડાના ઠાકોર સાહેબને તો પોતાની ગાયની કતલ થતી હોય એટલી વેદના થાય છે... એમને કાંઇ જોઇતું નથી. માત્ર ૧૫૦ વર્ષ જૂની ચુડામાં આ એક જ 'હેરિટેજ' ઇમારત ને બચાવવા 'હેરિટેજ લવર્સ'ને તેઓ વિનંતી કરી રહ્યાં છે...

ગુજરાતનો ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત વરિષ્ઠ ચિત્રકાર પ્રતાપસિંહ જાડેજાએ ફૂલછાબમાં પોતાની કોલમ 'રંગ, રૂપ અને રચના'માં નોંધ્યું છે કે, અતિવાસ્તવાદી, ગ્રાફિક કલાકાર પૂરણચંદ્રસિંહજી ઝાલા (છોડા ચુડા) પર્ણ, પુષ્પ, પશુપંખી, કીટ-પતંગ અને માનવા કૃતિઓને સંયોજીને કરેલી એક નહીં અનેક પ્રતિકાત્મક કૃતિઓ આ ચિત્રકારે સર્જી છે. ટેક્ષ્ચર વૈવિધ્ય અને બારિક રેખાંકન પરની કલાકારની હથોટીનું સબળ ઉદાહરણ છે. એમની સ્કૂલ ઓફ ચૂડાના ચિત્રો મને માણવા મળ્યા છે. ન્યુયોર્કમાં વેચાયેલું ચિત્ર SWINGING PARROTS,બેંગ્લોરમાં SOLD KRISHNA WITH FLUTE, ન્યુયોર્કમાં KAMDEV ચિત્ર વખણાયું અને વેચાયું છે. કાગળ પર શાહીથી તૈયાર થયેલું FLOWERS AND BUTTER FLIES ડેન્માર્કમાં વેચાયાં છે.

એક ચિત્ર KRISHNA WITH FLUTE પ્રસ્તુત છે.

તા. ૧૧-૫-૧૯૯૯ વડોદરાની સંદેશ આવૃત્તિમાં સુયોગ રાવલે મહેફિલ વિભાગમાં નોંધ્યું હતું કે, 'તલવારની જગ્યાએ પીંછી દ્વારા પ્રાચીનકલાને સજીવન કરનાર ચૂડા ઠાકરો પૂરણચંદ્રસિંહજી છે.' જોકે પૂરણચંદ્રસિંહ કહે છે કે, 'મારા બ્લેક એન્ડ વ્હાઇટ ચિત્રો જોયા પછી એવું જરા પણ માનશો નહીં કે મને રંગો પ્રત્યે નારાજગી છે. મારે હવે પચીની યોજના મારા તમામ ચિત્રો વોટર કલર્સમાં પેપર કંડારવાની છે.'

તેઓના પૂર્વજો ક્ષત્રિય, મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના ચૂડા ગામના રાજવી રૈયત માટે જાનની બાજી લગાવનારા આ વંશજમાં કોઇને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે આમાનું, એક રતન ભવિષ્યમાં તલવારની જગ્યાએ પોતાનું હીર પીંછી દ્વારા પ્રદર્શિત કરશે. ચૂડાના રાજવી ધર્મેન્દ્રસિંહજી ઝાલાના ચાર પુત્રોમાંથી પૂરણચંદ્રસિંહ પીંછી કલાના શોખીન છે.

રામાયણના પ્રસંગચિત્રો કેનવાસ કાગળની જગ્યાએ માદરપાટ કેવા કાપડ ઉપર બનાવવાનું નક્કી થયું. આ ચિત્રો માત્ર બ્લેક વોટર પ્રુફ ઇન્કથી જ બનાવવા, જેને ફ્રેમમાં મઢવા નહીં, ઉપરાંત જયાં પ્રદર્શન યોજાય ત્યાં આ ચિત્રો દોરી વડે ખેંચીને બાંધવા અથવા તો પૂશ પીન વડે સોફ્ટ બોર્ડ ઉપર ચિપકાવવા.

પૂરણચંદ્રસિંહજી રાષ્ટ્રીય કક્ષાના અનેક ચિત્ર પ્રદર્શનોનાં ભાગ લીધો હતો. તેમાં અમદાવાદ (૧૯૭૬), ૭૮ અને ૮૨) બેંગ્લોર (૧૯૭૯, ૮૩) હૈદરાબાદ (૧૯૮૧) તેમજ મુંબઇ (૧૯૮૨) જેને કલાકારો અને કલાચાહકોનો સુંદર પ્રતિસાદ સાંપડ્યો હતો.

નિજાનંદી આ કલાકાર ખરા અર્થમાં જીવી રહ્યા છે. તેમનો સંપર્ક અહીં થઇ શકે,

પુરણચંદ્રસિંહજી ઝાલા
લીલો બંગલો પેલેસ, ચૂડા
જિ. સૂરેન્દ્રનગર
મો : ૮૭૨૪૮૧૭૬૫૫

રંગકર્મી, પીંછી કલાકારને અઢળક અભિનંદન, શુભકામના.

ઘણા દિવસ સુધી ખુંખાર વનની વીરાંગનાને મનાવવા જીમ્મીએ કોશીશ કરી પણ તેણે તો અન્ન જળનો ત્યાગ કરી દીધેલો, છેવટે એ એક દિવસ આ પીંજરની દુનિયા છોડીને કાયમ માટે મુક્ત થઇ ગઇ ત્યારે અમારી આંખો આંસુથી ભીંજાઇ ગઇ હતી

સવારની ગાત્રોને થીજવતી ઠંડી પછી ધુમ્મસ ઓછું થયું હતું અને જેમ જેમ સુરજ ઉપર ચડતો ગયો તેમ ગરમાવો વધ્યો હતો. બપોરનો સુરજ બરાબર માથા પર આવ્યો હતો. ગરમી બફારો અને તાપને લીધે પશુપંખીઓ જંપીને બેસી ગયા હતા. પાર્ક વોર્ડન કચેરીની સામે પાર્કીંગમાં બે-ત્રણ બાઇકો પડ્યાં હતા. સવારના પાર્કમાં ફરવા આવેલ મુલાકાતીઓ ઉબડખાબડ રસ્તે ઢાળ ચડીને આવતાં પરેશેવે રેબઝેબ થઇ ગયાં હતા. ત્યાં એક ટ્રક આવીને પાર્કની કચેરીની સામે ઊભી હતી. તેમાંથી ખાખી ગણવેશધારી બે યુવકો ઉતર્યા અને તેમને કચેરી તરફ આવતાં જોઇ હું ઊભો થઇને બહાર આવ્યો.

નજીક આવતાં પેલા યુવાનોએ સેલ્યુટ મારી. મેં પણ તેમનું અભિવાદન કર્યું.

'કેમ આવવું થયું?'

'સર, અમે છોટા ઉદેપુર નોર્મલ રેંજમાંથી આવીએ છીએ. એક દીપડીને લાવ્યા છીએ.'

'તેના કંઇ કાગળો છે?'

'હાં, આ રહ્યા.' કહી તેમને કાગળો મારી સમક્ષ રજૂ કર્યા.

'બેદિવસથી ટી.વી. ચેનલોપર જેની ચર્ચા છે એ જ આ દીપડી છે ખરું ને?'

'હાં, દીપડીના બચ્ચાં વિખૂટા પડી જતાં તે રઘવાઇ થઇને આમતેમ ભાગાભાગ કરતી હતી. તેમાં કુવામાં પડી ગયેલી. ખાટલો મુકી બહાર કાઢી અને બેભાન કરી માંડ પાંજરામાં લીધી છે.'

'સારું... સારું.... ચાલો જોઇએ' હું ટ્રક તરફ ચાલતો થયો. ટ્રકમાં પાંજરું મૂકેલું હતું. તેના પર તાડપત્રી ઢાંકેલી હતી. બે પૈકી એક યુવાન ટ્રક ઉપર ચડ્યો તેણે સહેજ તાડપત્રી હટાવતાં દીપડીએ ઘુરકાટ કર્યો. હું તેને જોવા સહેજ નજીક ગયો ત્યાં જોરથી મારા પર હુમલો કરવા ઘસી પણ પાંજરું વચ્ચે આવી જતાં પાંજરાના સળીયામાં ભટકાઇ.

'સર, આજ રીતે ગઇ કાલેથી પાંજરા સાથે માથું અફાળે છે. જુઓ તેના મોંમાં અને કપાળમાં પણ વાગ્યું છે. લોહી નીકળે છે. પણ માણસ પ્રત્યે તે ખુબ ગુસ્સો કરે છે. આ જંગલી ખુંખાર દીપડી ને સાચવવી બહુ જ મુશ્કેલ છે.'

'ના...ના... ના એવું કંઇ નથી. એ તો ભુખ તરસ લાગશે એટલે તેની જાતે ઢીલી પડી જશે.'

'ના સર, એવું નથી. એને પકડ્યે આજે બે દિવસ થયા, નથી કંઇ ખાતી કે નથી પાણી પીતી. બસ પાંજરામાંથી બહાર નીકળવા ધમપછાડા કર્યા કરે છે.'

'ઓહ નો! કદાચ તેના બચ્ચાં માટે થઇને તે આવું કરતી હોય એવું બને' મેં કહ્યું.

હાં સર, અમારું પણ એવું જ અનુમાન છે. જોકે જંગલમાં અને તે જે કુવામાંથી મળી આળી તે આખો વિસ્તાર અમે ફેંદી વળ્યા પણ તેના બચ્ચાં કયાંક મળ્યાં નથી.

'એક માં ને પોતાના બચ્ચા પ્રત્યે કેટલી તીવ્ર લાગણી હોય છે. તેનો આ પડઘો છે. પછી એ માનવ હોય કે પશું માતા એ તો માતા જ છે.'

'સર, હમણાં હમણાંથી આપણે ત્યાં દીપડાનો રંજાડ વધી ગયો હોય એમ લાગે છે. અઠવાડિયામાં એક કે બે જગ્યાના કોલ તો જર